ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩



| તાપમાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૩૪.૦° સે. | ૨૬.૦° સે. |
| બારડોલી | ૩૦.૦° સે. | ૨૬.૦° સે. |
| ભરૂચ | ૩૩.૦° સે. | ૨૬.૦° સે. |
| વ્યારા | ૩૦.૦° સે. | ૨૬.૦° સે. |

# પામ ઓઈલ, વનસ્પતિ ઘી ભેળવી ગાયના ઘીના નામે વેચાતું હતું

**પલસાણાના** ધોરણ પારડીમાં પકડાયું શંકાસ્પદ ઘી બનાવવાનું કૌભાંડ, 52 લાખની મતા સાથે એક ઝડપાયો

પલસાણા: સુરત ગ્રામ્ય એલસીબી દ્વારા કામરેજ તાલુકાના ધોરણ પારડી ગામની સીમમાં ચાલતા શંકાસ્પદ ઘી બનાવવાના કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. અહીં હિંદવા ડ્રીમ્સ ઇન્ડસ્ટ્રીઝમાં એક શખ્સ દ્વારા પામ ઓઈલ અને વનસ્પતિ ઘીનું મિશ્રણ કરી તેને શુદ્ધ ગાયના ઘી તરીકે વેચવાનું ષડયંત્ર ચલાવવામાં આવતું હતું.

સુરત ગ્રામ્ય વિસ્તારમાં બ નાવટી ચીજવસ્તુઓના ઉત્પાદન અને વેચાણ અટકાવવા પોલીસ કાર્યરત છે.

એલ સીબી ટીમને બાતમી મળી હતી કે ધોરણ પારડી ગામની સીમમાં હિંદવા ડ્રીમ્સ ઇન્ડસ્ટ્રીઝના પ્લોટ નં. જી-૦૧ માં શંકાસ્પદ ઘીનું પેકિંગ થઈ રહ્યું છે. બાતમીના આધારે દરોડા પાડતા ફેક્ટરીમાંથી અંકિતકુમાર રાજેશકુમાર મોદી નામનો ઈસમ ઝડપાઈ ગયો હતો.

પૂછપરછમાં સામે આવ્યું કે તેણે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગમાંથી કૈવલ ફૂડ પ્રોડક્ટના નામે લાઇસન્સ મેળવ્યું હતું. ડેરી પ્રોડક્ટની આડમાં તે પામ ઓઈલ, વનસ્પતિ ઘી અને સોયાબીન તેલ ભેગું કરી તેના પર પ્રોસેસ કરતો હતો. ત્યારબાદ આ મિશ્રણને 'શ્રી અનમોલ રત્ન કાઉસ ઘી' ના નામે શુદ્ધ ગાયનું ઘી ગણાવીને પેકિંગ કરી વેચાણ કરતો હતો.

પોલીસે સ્થળ પરથી ૫૦૦ ગ્રામ, ૧ કિલો, ૨૦૦ ગ્રામ અને ૧૦૦ ગ્રામના તૈયાર ડબ્બા તેમજ ૩૫ એમએલના પાઉચ મોટી સંખ્યામાં જપ્ત કર્યા છે.

આ ઉપરાંત ૧૫ કિલોના પામોલીન તેલ, સોયાબીન તેલ અને વનસ્પતિ ઘીના ડબ્બાઓ, ખાલી બોક્સ, અને સ્ટીકરો પણ કબજે લેવાયા છે. ફેક્ટરીમાંથી ૮૦૦ લિટરની ક્ષમતાવાળા મોટા વાસણો, વજન કાંટો, પ્રિન્ટિંગ મશીન, પેકિંગ મશીનો અને કોમર્શિયલ ગેસના બાટલા સહિત કુલ રૂપિયા ૫૨,૭૯,૭૬૧ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. સ્થળ પર ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમને બોલાવીને શંકાસ્પદ ઘીના નમૂના મેળવી ચકાસણી માટે મોકલવામાં આવ્યા છે. શંકાસ્પદ ઘીના વેચાણ મામલે જાણવા જોગ રજિસ્ટર દાખલ કરી કાયદેસરની તપાસ હાથ ધરાઈ છે.

### કર્ણાટકમાં જ્વેલરી શોપમાંથી ચોરી ભાંગ્યા ને નેત્રંગ પોલીસ હાથે ઝડપાયા

# જંગલ-નદી વિસ્તારમાં ડ્રોન ઉડાવી ચોરોને પોલીસે દબોચ્યા

**ડેડિયાપાડામાં** પોલીસે રસ્તો બ્લોક કર્યો તો જંગલમાં ભાગી છૂટ્યા

**ચોરીના** દાગીના સહિત 3 રીઢા જેલ હવાલે, બે હાથ તાળી આપી ભાગી છૂટ્યા



ભરૂચ: સ્વતંત્રતા દિન નિમિત્તે નેત્રંગ પોલીસ દ્વારા સઘન વાહન ચેકિંગ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. તે દરમિયાન ડેડિયાપાડા દિશાથી આવતી એક સફેદ કારના ચાલકે પોલીસને જોતાં જ કાર ભગાવી દીધી. પોલીસ ઈન્સ્પેક્ટર વી.એસ. વણઝારા અને તેમની ટીમે તાત્કાલિક પીછો શરૂ કરી, આગળથી આવતાં વાહનોની મદદથી રસ્તો બ્લોક કરી કારને અટકાવી લીધી.

કાર અટકાવતાં તેમાં સવાર ચાર આરોપીઓ અંધારાનો લાભ લઈ નજીકના જંગલ તરફ ભાગવા લાગ્યા, જોકે પોલીસે ડ્રાઈવરને ઝડપી લીધો હતો. બાકીના ફરાર આરોપીઓની શોધ માટે પોલીસે 'વેડનેસ ડે' ફિલ્મની જેમ વ્યૂહાત્મક કામગીરી હાથ ધરી હતી. થવા, મંડાળા, સેજપુર, ખરચીપાડા, ખાબજી અને ભરાડા સહિતના વિસ્તારોમાં કોમ્બિંગ કરવામાં આવ્યું તેમજ કરજણ નદીના પટ અને આસપાસના જંગલ વિસ્તારમાં ડ્રોન કેમેરાની મદદથી સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. સતત કાર્યવાહી બાદ પોલીસે વધુ બે આરોપીને પણ ઝડપી લીધા હતા.

પોલીસે કારની તપાસ કરતાં બે સ્કૂલ બેગમાંથી ચાંદી અને ચાંદી જેવી ધાતુના ઘરેણાં, મૂર્તિઓ, પૂજાની સામગ્રી અને દીવાની થાંભલીઓ સહિતનો મુદ્દામાલ મળી આવ્યો. પૂછપરછમાં આરોપીઓએ આ સામાન કર્ણાટકના બેલાગવીના કિટ્ટુર ખાતેની જ્વેલરી શોપમાંથી ૧૩ ઓગસ્ટની રાત્રે ચોર્યો હોવાનું કબૂલ્યું હતું. ચોરીની વસ્તુઓ સાથે પોલીસે ત્રણ ઝડપાયેલા આરોપીઓ પાસેથી કુલ રૂ.૯.૭૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. ઝડપાયેલા આરોપીઓમાં રાજસ્થાનના દિલીપસિંહ દેવીસિંહ રાવત (હત્યાના પ્રયાસ અને NDPSનો ગુનો, ચિત્તોડગઢ જેલમાંથી પેરોલ જમ્પ), નારસિંઘ ઉર્ફે પવન જેન્તુસિંહ રાવત (પોક્સો એક્ટ હેઠળ ગુનો) અને મધ્યપ્રદેશના અર્જુનસિંહ શિવસિંહ રાઠોડ (NDPS ગુના)નો સમાવેશ થાય છે. જ્યારે લોકેશ બયલ અને રામસા ગુજ્જર હજુ ફરાર છે, તેમની શોધખોળ ચાલુ છે.

## દેશભક્તિના રંગે રંગાયું ઓલપાડનું સિદ્ધનાથ મહાદેવ મંદિર



સાયણ: દેશની આઝાદી ના ૮૦માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણીમાં શ્રી સિદ્ધનાથ મહાદેવ શિવમંદિર પણ દેશભક્તિના રંગે રંગાયું હતું. આ પ્રસંગે મંદિરના ગર્ભગૃહને તિરંગાના રંગે સુશોભિત કરી શિવલિંગ સાથે ભારત માતા તેમજ દેશની સરહદ ઉપર ખડેપગે રક્ષણ કરતાં સૈનિકોના પ્રતિકનું આબેહૂબ વર્ણન સાથેનો શણગાર કરાયો હતો.

## UPL યુનિવર્સિટીમાં 'વિકસિત ભારત' માટે યુવાશક્તિને સમર્પિત સમારોહ




ભરૂચ: UPL યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેક્નોલોજી ખાતે આજે ૮૦મો સ્વતંત્રતા દિવસ 'વિકસિત ભારત ૨૦૪૭ માટે યુવા શક્તિ' થીમ હેઠળ ઉત્સાહ અને દેશભક્તિના વાતાવરણમાં ઉજવવામાં આવ્યો હતો. રોટરી ક્લબ ઓફ અંકલેશ્વરના પ્રમુખ રોટેરિયન સુનિલ નાડકર્ણીએ ધ્વજવંદન કર્યું હતું. આ પ્રસંગે રોટરી ક્લબના સેક્રેટરી ડો. પ્રણવ બ્રહ્મભટ્ટ, ડો. દીપા નાડકર્ણી, યુનિવર્સિટીના ઉપકુલપતિ, કુલસચિવ, ડીન્સ, વિભાગીય વડાઓ, અધ્યાપકો, કર્મચારીઓ, એનસીસી કેડેટ્સ, એનએસએસ સ્વયંસેવકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા. ધ્વજવંદન બાદ યુનિવર્સિટી દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## સોનગઢમાં જય હિન્દના નારા સાથે દેશભક્તિનો માહોલ છવાયો



સોનગઢ: સોનગઢ નગરમાં 80મા સ્વાતંત્ર્ય દિવસની હર્ષોલ્લાસ અને દેશભક્તિના માહોલ સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે સમગ્ર નગર દેશભક્તિના રંગમાં રંગાઈ ગયું હતું અને સરકારી તેમજ અર્ધ સરકારી કચેરીઓ પર રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યાં હતા. ત્યારબાદ સોનગઢ નગરપાલિકાના પ્રાંગણમાં ચીફ ઓફિસર સહદેવસિંહ વનારની આગેવાની હેઠળ, પાલિકાના બાંધકામ અધ્યક્ષ આશિષકુમાર રમેશચંદ્ર શાહના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવીને સલામી આપવામાં આવી હતી.

## કોસંબા, તરસાડી, પાલોદ પંથકમાં સ્વાતંત્ર્ય દિવસની ભવ્ય ઉજવણી



ઈબ્રાહીમ કાનુ

હથોડા: કોસંબા, તરસાડી, પાલોદ, કીમ ચાર રસ્તા, પીપોદરા, કુવારદા, હથુરણ, મહુવેજ, સાવા, નંદાવ, લિંબાડા, વેલાછા, કઠવાડા, મોટી નરોલી, શિયાલજ, મોટા બોરસરા, પાનસરા, કોઠવા, ભાટકોલ, લીડીયાત, લીંમોદરા, છમુછલ, શેઠી, દીણોદ પંથકમાં અને પાલોદ તેમજ કોસંબા પોલીસ મથકે 80મા સ્વાતંત્ર્ય દિવસની ભવ્ય ઉજવણીમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

## કુકરમુંડામાં શિક્ષકો, પોલીસ કર્મીઓનું સન્માન



કુકરમુંડા: કુકરમુંડામાં તાલુકા કક્ષાની ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી દેશભક્તિના માહોલ વચ્ચે ઉત્સાહભેર કરવામાં આવી હતી. બેજ પ્રાથમિક શાળા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મામલતદાર શ્રી કલ્પેશ પટેલના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. ધ્વજવંદન બાદ રાષ્ટ્રગાન સાથે તિરંગાને સલામી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓની સુંદર રજૂઆતથી ઉપસ્થિત સૌ મંત્રમુગ્ધ બન્યા હતા. સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે શિક્ષકો, વિદ્યાર્થીઓ, પોલીસ કર્મીઓનું ઉત્કૃષ્ટ કામગીરી બદલ સન્માન કરાયું હતું.

## અંકલેશ્વર સબ જેલમાં આઝાદીના પર્વની અનોખી ઉજવણી



સુરેશ ગાંધી

અંકલેશ્વર: અંકલેશ્વર, દેશભક્તિ અને રાષ્ટ્રભાવનાથી ઓતપ્રોત વાતાવરણ વચ્ચે અંકલેશ્વર સબ જેલ ખાતે 80મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેલ અધિક્ષક વી.એમ. ચાવડાના માર્ગદર્શન હેઠળ તિરંગા યાત્રા તેમજ ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો હતો. સબ જેલ પરિસરમાં યોજાયેલી તિરંગા યાત્રામાં જેલના અધિકારીઓ અને કર્મચારીઓ સાથે જેલમાં રહેલા કેદીઓ પણ જોડાયા હતા. તિરંગો હાથમાં લઈને રાષ્ટ્રગૌરવના નારા સાથે યોજાયેલી યાત્રાથી સમગ્ર જેલ પરિસર દેશભક્તિના રંગે રંગાયું હતું.

## સાગબારામાં મંત્રી ઇશ્વરસિંહ પટેલે ફરકાવ્યો તિરંગો



સાગબારા: નર્મદા જિલ્લાનો જિલ્લા કક્ષાનો સ્વાતંત્ર્ય પર્વ સાગબારા તાલુકાની નવરચના હાઈસ્કૂલના મેદાન ખાતે 15 ઓગસ્ટે ઉજવાયો. રાજ્યકક્ષાના મંત્રી અને જિલ્લાના પ્રભારી મંત્રી ઇશ્વરસિંહ પટેલે ધ્વજવંદન કરીને રાષ્ટ્રગીત ગાયું હતું. આ પ્રસંગે મંત્રીએ 'વિકસિત ભારત@2047'ના સંકલ્પ સાથે જિલ્લાના વિકાસકાર્યોની વિગતો આપી હતી. આ પ્રસંગે જિલ્લાના વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર 53 કર્મયોગીઓ અને સેવાભાવીઓને પ્રમાણપત્ર આપી સન્માન કરાયું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### ઓલપાડમાં યુવકે ઝેરી દવા પી લેતાં મોત

સાયણ: મૂળ ઉત્તરપ્રદેશનો ઇન્દ્રમણી બટેશ્વરનાથ મિશ્રાનો પરિવાર હાલમાં ઓલપાડ ટાઉનના નિહોરા નગરમાં ભાડેના મકાનમાં રહી મજૂરી કામ કરતો હતો. તેનો પુત્ર આદર્શ (ઉં.વ.૧૯)ને ભૂખ લાગતાં તેણે નાના ભાઈને બજારમાંથી જમવાનું લઈ આવવા કહ્યું હતું. પરંતુ નાનો ભાઈ લાવ્યો ન હતો. જેથી આદર્શને ખોટું લાગી આવતા બજારમાંથી ઘાસ મારવાની દવા લઈ આવી પી લીધી હતી. બીજા દિવસે નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

### શેખપુરમાં પરિણીતાને જુદા રહેવા માટે ખોટું લાગી જતાં ફાંસો ખાધો

કામરેજ: કામરેજના શેખપુર ગામે આનંદ વાટીકા સોસાયટીમાં મકાન નં.35 માં રહેતા નિકુંજ ગોપાલ રામોલીયાના લગ્ન વર્ષ 2021માં જુનાગઢના ખીરસડાઘેડ ખાતે રહેતી ભુમીબેન (ઉં.વ.29) સાથે થયા હતા. તેઓ સંયુક્ત પરિવારમાં રહેતા હતા. બે દિવસ અગાઉ રાત્રિએ ભુમીબેનને જુદા રહેવા બાબતે મનમાં ખોટુ લાગી આવતાં પોતાના ઘરમાં ગળે ફાસો ખાઈ આપઘાત કરી લીધો હતો. કામરેજ પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કુકરમુંડામાં તાપી નદીમાંથી આધેડનો મૃતદેહ મળ્યો



કુકરમુંડા: કુકરમુંડાના જૂના ગામે મહાદેવ મંદિરની પાછળ, તાપી નદીમાં ઈરીગેશન પ્લાન્ટ નજીક તાપી નદીમાંથી ૫૭ વર્ષીય ભગવાનભાઈ તુકારામભાઈ સેંદાણે (રહે., શ્રીરામ ચોક, કુકરમુંડા) નો મૃતદેહ મળી આવ્યો હતો. તા. 13/08/2026ના રોજ પોતાની સલૂનની દુકાને જવાનું કહીને ઘરેથી નીકળ્યા બાદ દુકાને પહોંચ્યા ન હતા. હતા. કુકરમુંડા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### મોડાસાના ઘરફોડ ચોરીનો વોન્ટેડ આરોપી કામરેજથી ઝડપાયો

પલસાણા: સુરત ગ્રામ્ય પોલીસની પેરોલ ફર્લો સ્ક્વોડ અને એલ.સી.બી.ની ટીમે બાતમીના આધારે કામરેજ ચાર રસ્તાથી સુરત જતા રોડ પર વોચ ગોઠવીને ૪૮ વર્ષીય નુરુલહસન ઉર્ફે ટોટન જોહરઅલી શેખને પકડી પાડ્યો હતો. પકડાયેલો આરોપી વ્યવસાયે મજૂરી અને જ્વેલરી કારીગરનું કામ કરે છે. તે મૂળ પશ્ચિમ બંગાળનો અને હાલમાં તે બારડોલી ખાતે અક્ષા સોસાયટીમાં રહેતો હતો. પ્રાથમિક પૂછપરછમાં તેણે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનના ગુનામાં પોતે નાસતો ફરતો હોવાની કબૂલાત કરી હતી. આરોપી સામે મોડાસા ઉપરાંત ગોધરા, લુણાવાડા અને ભાવનગરના બોરતળાવમાં ઘરફોડ ચોરી તેમજ અન્ય કલમો હેઠળ તેના વિરુદ્ધ ગુના નોંધાયેલા હોવાનું સામે આવ્યું છે.

### શ્રમિકોના હક્ક માટે આંદોલન, BMSની અંકલેશ્વરમાં બેઠક મળી

ભરૂચ: ભારતીય મજદૂર સંઘ (BMS) દ્વારા સોમવારે શ્રમિકોના હિતોના રક્ષણ માટે ભરૂચ જિલ્લા સહિત દેશવ્યાપી આંદોલનનું એલાન કરવામાં આવ્યું છે. જેના આયોજન અંગે અંકલેશ્વરમાં એક બેઠક યોજાઈ હતી. દેશના સૌથી મોટા ટ્રેડ યુનિયન BMSની કેન્દ્રીય કાર્યકારિણી સમિતિએ શ્રમિકો, કર્મચારીઓ, પેન્શનરો અને અસંગઠિત ક્ષેત્રના કામદારોની લાંબા સમયથી પડતર માંગણીઓને લઈને આ રાષ્ટ્રવ્યાપી આંદોલનનું રણશિંગું ફૂંક્યું છે. ભરૂચ જિલ્લામાં BMS દ્વારા કલેક્ટર કચેરી ખાતે ધરણાં અને રેલીઓનું આયોજન કરાયું છે. આ આંદોલનમાં લઘુત્તમ વેતન સહિતની 12 મુખ્ય માંગણી અને મુદ્દાઓને આવરી લેવામાં આવી છે.

### અંકલેશ્વરમાં 10 લાખની લૂંટ અને આર્મ્સ એક્ટના ફરાર આરોપીઓ ઝડપાયા

અંકલેશ્વર, ભરૂચ: અંકલેશ્વર GIDC પોલીસે શક્તિ એન્ટરપ્રાઇઝના એકાઉન્ટન્ટ ધવલ ભટ્ટ આંગણીયા પેઢીમાંથી 10 લાખ લઈને કારમાં જઈ રહ્યા હતા. GIDC ગેટ નજીક બાઈક સવાર ત્રણ શખ્સે અકસ્માતનું બહાનું બનાવી માથાકૂટ કરી અને નજર ચૂકવી 10 લાખ ભરેલી બેગ લૂંટી ફરાર થઈ ગયા હતા. આ ગુનામાં અગાઉ ત્રણ આરોપીઓ ઝબ્બે થયા બાદ હવે સિદ્ધપુરના સૌરભ ધવડને પોલીસે દબોચી લીધો છે. ભરૂચ SOG પોલીસે આર્મ્સ એક્ટના ગુનામાં છેલ્લા 6 વર્ષથી ફરાર ચાલી રહેલા ત્રિભુવનસિંઘ ચૌહાણની પણ અટકાયત કરી છે. આરોપી નકલી ગન લાયસન્સ કૌભાંડમાં સામેલ હોવાનું સામે આવ્યું છે. બંને કેસમાં પોલીસે વધુ તપાસ શરૂ કરી દીધી છે.

### પલસાણામાં બીમારીના કારણે યુવાનનું મોત

પલસાણા: મૂળ બિહારના વતની અને હાલ પલસાણામાં કરનભાઈની બિલ્ડીંગમાં રૂમ નં.-૨૨ માં રહેતા કૌશલકુમાર વિજય યાદવને છેલ્લા દસ દિવસથી સખત તાવ આવતો હતો. તાવ અને બીમારીની અસર હેઠળ ગત તારીખ ૧૫/૦૭/૨૦૨૬ ના રોજ સવારે તેમનું રૂમમાં જ મોત થયું હતું.

### ફેક જોબ પ્રોફાઇલ બનાવી સાઇબર ફ્રોડમાં આરોપી ઉદયપુરથી ઝડપાયો

ભરૂચ: સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઇન્સ્ટાગ્રામ પર ફેક જોબ પ્રોફાઇલ ઊભી કરી નિર્દોષ નાગરિકોને નોકરીની લાલચ આપી, લિંક પર ક્લિક કરાવી મોબાઇલ હેક કરી રૂ.1.76 લાખની ઠગાઈ કરનાર સાયબર ક્રિમિનલ ગેંગના માસ્ટર માઇન્ડને ભરૂચની હાસોટ પોલીસે ઉદયપુરથી ધરપકડ કરી છે. આરોપી ચિત્તોડગઢનો રહેવાસી મોહમ્મદ ઈકબાલ દાઉદ મન્સુરી છે. આરોપીએ 'કે.આર. ટ્રાન્સપોર્ટ' નામની બોગસ કંપની બનાવી તેના નામે કરંટ એકાઉન્ટ ખોલાવી સાયબર ઠગોને ભાડે આપવાનું રેકેટ ચલાવતો હોવાનું સામે આવ્યું છે. પોલીસે આરોપીને ત્રણ દિવસના રિમાન્ડ મેળવી સઘન પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે આ ભાડાના એકાઉન્ટ સામે ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, તેલંગાણા સહિત રાજ્યોમાં 19 ઓનલાઇન છેતરપિંડીની ફરિયાદો નોંધાઈ છે.

# અટોદરા ગામે રૂ.૬૭.૯૫ લાખની કોપર સામાન ચોરીમાં ચાર ઝડપાયા

**કંપનીના** ત્રણ કર્મચારી સહિત રૂ.૧૭.૮૬ લાખની મતા કબજે, મુખ્ય સૂત્રધાર આસિ.સિનિયર વોન્ટેડ

સાયણ: ઓલપાડ- સાયણ મુખ્યમાર્ગને અડીને અટોદરા ગામની સીમમાં આવેલા પહલ સોલાર કંપનીમાંથી રૂ.૬૭.૯૫ લાખની કિંમતનો કોપર સામાનની ચોરી થઈ હતી. પોલીસે આ ગુનામાં કંપનીમાં કામ કરતાં ત્રણ કર્મચારીઓ તથા ચોરીનો મુદ્દામાલ લેનાર એક રાજસ્થાની ભંગારી મળી કુલ ચાર આરોપીઓ પાસેથી રૂ.૧૭.૮૬ લાખનો માલ રીકવર કરી દબોચી લીધા છે. જો કે આ ચોરી ગુનાનો મુખ્ય સૂત્રધાર અને કંપનીમાં આસી. સિનિયરની નોકરી કરતો શખ્સ હજુ પણ પોલીસ પકડથી દૂર છે.

ગત તા.૧૧ મી ઓગસ્ટના રોજ કંપનીના સ્ટોરમાંથી કોપર રીબન નંગ-૩૦૦, જેની કિંમત રૂ.૫૯.૪૦ લાખ, એલ્યુમિનિયમ ફ્રેમ મળી કુલ રૂપિયા ૬૭.૯૫ લાખની કંપનીના કોપર સામાનની ચોરીનો ગુનો નોંધાયો હતો. આ ચોરી કંપનીમાં કામ કરતા ચાર કર્મચારીઓની સંડોવણી માલિકને જણાઈ હતી. આ ગુનાની તપાસમાં પોલીસે મૂળ અમદાવાદ શહેરના નારણપુરા વિસ્તારનો વતની તેમજ કંપનીમાં સ્ટોર મેનેજરની નોકરી કરતો અર્જુન વિજય પંચાલ (હાલ રહે., નં.૨૬-૨૭, સિંઘવાઈ માતાનું મંદિર, રૂંગતા આઈ.હોસ્પિટલ, ભરૂચ) તથા મૂળ ઓરિસ્સાના ગંજામ જિલ્લાનો અને કંપનીમાં સ્ટોર સિનિયર આસિસ્ટન્ટની નોકરી કરતો કમલ લોચન અમુલ્ય નાયક (રહે., ૧૭, અંજની રેસિડેન્સી, ઓલપાડ) તેમજ કંપનીનો ટેમ્પો ડ્રાઈવર મૂળ ખેડાના વણસરનો મૈનેશ ભીખા પટેલ (રહે., એ/૩૭, ક્રિશ્ના રેસિડેન્સી, અટોદરા) તેમજ ભંગાર લે-વેચ કરી ચોરીનો મુદ્દામાલ લેનાર મૂળ રાજસ્થાનના ભરતપુરનો સત્તાર રજાક મેવ (ઉં.વ.૩૬, (રહે., પિંજરત)ને દબોચી લીધા હતા. પોલીસે ઝડપેલ આરોપીઓ પાસેથી કોપર રીબર નંગ-૨૫, કોપર રીબન સ્ક્રેપ, એલ્યુમિનિયમ પટ્ટી, બોલેરો ટેમ્પો સહિત કુલ રૂપિયા ૧૭,૮૬,૧૦૦ નો મુદ્દામાલ રીકવર કર્યો હતો. જો કે આ ચોરી ગુનાનો મુખ્ય સુત્રધાર અને કંપનીમાં સ્ટોર સિનિયર આસિ.ની નોકરી કરતો હિરપાલ પરેશસિંહ યાદવ (રહે., રાજપુત ફળિયું, કુદીયાણા, તા.ઓલપાડ) હજુ પણ પોલીસ પકડથી દૂર હોવાથી પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો છે.

### સેગવા મસાલાની ફેકટરીમાંથી રોકડા 1.94 લાખની ચોરી

કામરેજ: મુળ અમરેલીના ખીજડીયા કોટડા ગામના અને હાલ સરથાણા જકાતનાકા પાસે સેલીબ્રેશન હોમ્સમાં પરાગ વાલજી હપાણી પરિવાર સાથે રહે છે. કામરેજના સેગવા ગામની હદમાં ગોપીન ઈન્ડસ્ટ્રીઝમાં પ્લોટ નંબર એ-1 માં પ્રયોસા ગ્રેઈન એન્ડ પલ્સીસ પ્રોસેસિંગ મીરા મસાલાની ફેક્ટરી ભાગીદાર પ્રકાશ મેઘજી મેંદપરા, હિરેન રીબડીયા સાથે ચલાવે છે.

શુક્રવારની મોડી રાત્રે બે અજાણ્યા બુકાનીધારી તસ્કરો પાછળથી દિવાલ પર ચઢીને એસીની ગ્રીલ પર ચઢીને બાથરૂમની કાચવાળી બારી તોડી અંદર પ્રવેશ કરી ઓફિસનો દરવાજો તોડી આફિસમાં આવેલા ટેબલના ખાનામાંથી રોકડા રૂ.1,94,000ની ચોરી કરી નાસી છુટ્યા હતા. ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. જે અંગે કામરેજ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે તપાસ હાથ ધરી છે.

## પીપોદરા GIDCમાં 'શારદા' ક્લિનિક ચલાવતો બોગસ તબીબ ઝડપાયો

હથોડા: પાલોદ પોલીસે પીપોદરા જીઆઇડીસીમાંથી ડિગ્રી વગરના બોગસ તબીબને ઝડપી પાડી કાર્યવાહી કરી હતી.



પાલોદ પોલીસ મથકના પીએસઆઇ એસ ડી ગોવાળિયા અને પોલીસ કર્મચારી રવિભાઈ ખાટાભાઇને માહિતી મળી હતી કે પીપોદરા જીઆઇડીસીમાં ક્રિષ્ના હોસ્પિટલને બિલ્ડિંગ સામે એક બોગસ ડોક્ટર ખોટી રીતે પ્રેક્ટિસ કરી રહ્યો છે. જેથી પોલીસે તપાસ કરતાં ડિગ્રી વિના શારદા નામનું ક્લિનિક ચલાવતા બાસુદેવ દિનબંધુ મજમુદર હાલ રહેવાસી ધોરણ પારડી મૂળ રહેવાસી વેસ્ટ બંગાલના ની સઘન તપાસ કરતાં અલગ અલગ પ્રકારની એલોપેથિક મેડિકલ દવાઓ તથા ડોક્ટરની પ્રેક્ટિસને લગતા સાધનો મળી આવ્યાં હતા. તેમને સરકારની ડોક્ટરની ડિગ્રી અંગે પૂછતાછ કરતાં સરકાર માન્ય કોઈ ડિગ્રી નહીં મળી આવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરતા વિસ્તારના બોગસ ડોક્ટરોમાં ફફરાટ વ્યાપી ગયો હતો.

## એરથાણ ગામે ભાડા પર ફાર્મ હાઉસ લઈ શરૂ કર્યું જુગારધામ

**૨.૬૯** લાખના મુદ્દામાલ સાથે ૭ ઝડપાયા, ફાર્મ માલિક વોન્ટેડ

પલસાણા, કીમ: સુરત ગ્રામ્ય એલ.સી.બી.ની ટીમે ઓલપાડના એરથાણ ગામે સાયણથી વદરા જતા રોડ પર આવેલા ચાંચળબા ફાર્મ હાઉસમાં દરોડા પાડીને તીનપત્તીનો જુગાર રમતા કુલ ૭ આરોપીને પકડી પાડ્યા છે. પોલીસને બાતમી મળી હતી કે, સુરતના રાંદેર વિસ્તારમાં રહેતો ઈમરાન આબેદીન સૈયદ નામનો ઈસમ ચાંચળબા ફાર્મ હાઉસને ભાડે રાખીને બહારથી માણસો બોલાવીને મોટા પાયે જુગાર રમાડી રહ્યો છે અને હાલમાં પણ જુગારની પ્રવૃત્તિ ચાલુ છે. દરોડા દરમિયાન ફાર્મ હાઉસની અંદર જુગાર રમતા રાંદેર અને અડાજણ વિસ્તારના ૭ ઈસમને ઝડપી લેવામાં આવ્યાં હતાં. પોતાનું ફાર્મ હાઉસ ભાડે આપનાર માલિક જયભાઈ પટેલ (રહે., સુરત) ને વોન્ટેડ કરાયો છે. પોલીસે દાવ પર લાગેલા રોકડા રૂપિયા ૭,૮૦૦ અને અંગજડતીમાંથી મળેલા રોકડા રૂપિયા ૩૦,૯૫૦ મળીને કુલ ૩૮,૭૫૦ રૂપિયાની રોકડ, ૭ મોબાઈલ ફોન, ૨ ઓટો રિક્ષા સહિત કુલ રૂ.૨,૬૯,૨૫૦ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પકડાયેલા તમામ આરોપીઓ વિરુદ્ધ કિમ પોલીસ મથકે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ગરીબના હક લૂંટનારા માટે હવે કોઈ સ્થાન નથી: પ્રફૂલ પાનશેરીયા

**જિલ્લાના** પ્રભારીમંત્રીની ઉપસ્થિતિમાં ભરૂચના ઝઘડીયા ખાતે સ્વતંત્રતા પર્વની હર્ષભેર ઉજવણી



ભરૂચ: આઝાદીના ૮૦મા વર્ષે ભરૂચ જિલ્લાના ઝઘડીયા ખાતે રાજ્યકક્ષાના મંત્રી અને જિલ્લાના પ્રભારીમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ રાષ્ટ્રધ્વજ ફરકાવીને દેશભક્તિનો સંદેશ આપ્યો. તેમણે ૧૮૫૭થી ૧૯૪૭ સુધીના અમર શહીદોને ભાવાંજલિ અર્પણ કરતાં ભરૂચની વિભૂતિઓ - કનૈયાલાલ મુનશી, પંડિત ઓમકારનાથ ઠાકુર, ચંદુલાલ દેસાઈનું સ્મરણ કર્યું હતું.

પ્રાસંગિક પ્રવચનમાં તેમણે કહ્યું કે, એક સમયે ગરીબોના હક લૂંટનારા વચેટિયાઓ માટે હવે કોઈ સ્થાન નથી. આજે ડિજિટલ પેમેન્ટ (DBT)થી લાભ સીધો ગરીબમાં ગરીબ વ્યક્તિ સુધી પહોંચે છે, અને ભારત વિશ્વનું સૌથી મોટું ડિજિટલ પેમેન્ટ નેટવર્ક બની ચૂક્યું છે. એક સમયે નાના પાર્ટ્સ માટે પણ આયાત પર નિર્ભર દેશ આજે પોતાની ધરતી પર ફાઈટર પ્લેન અને સુરતના હજીરામાં આધુનિક ટેન્કનું નિર્માણ કરી રહ્યો છે. રાજ્ય પોલીસ દળે રાષ્ટ્રગીતની સૂરાવલીઓ વચ્ચે રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. શાળાના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કર્યા હતા. પોલીસ ડોગનું જીવંત નિદર્શન, માઉન્ટેડ ઈવેન્ટ, ટેન્ટ પેંગિંગ અને ઈન્ડેક્ષ ફાઈલ ટેન્ટ પેંગિંગના જુસ્સાભર્યા કરતબોએ ઉપસ્થિતોને આકર્ષ્યા હતા. પ્રભારીમંત્રીએ ઝઘડીયા TDOને ભરૂચ જિલ્લાના વિકાસ માટે રૂ. ૨૫ લાખનો ચેક અર્પણ કર્યો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ ડીમ્પલબેન રાજ, ધારાસભ્ય રિતેશભાઈ વસાવા, રમેશ મિસ્ત્રી, અરૂણસિંહ રણા, પૂર્વ સાંસદ ભરતસિંહ, જિલ્લા કલેક્ટર નવનાથ ગવ્હાણે, DDO યોગેશ કાપસે, જિલ્લા SP અક્ષયરાજ મકવાણા, નિવાસી અધિક કલેક્ટર આર.બી. ભોગાયતા સહિત વહીવટીતંત્રના વરિષ્ઠ અધિકારીઓ, તાલુકા આગેવાનો, શાળાના બાળકો અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

### ઘલામાં મહિલા વકીલના ફાર્મ હાઉસમાંથી ચોરી

કામરેજ: સુરતના સંગરામપુરા ખટોદરા બેઠી કોલોનીમાં રહેતા સુરત સેસન્સ કોર્ટના સરકારી વકીલ વર્ષાબેન પંચાલનું કામરેજના ઘલા ગામે આંબા ફાર્મમાં આવેલા 106 નંબરના ફાર્મ હાઉસમાંથી સાત દરવાજા સ્ક્રુ ખોલીને ચોરી થયા હોવાની જાણ થતાં કામરેજ પોલીસમાં અજાણ્યા તસ્કરો સામે રૂ.50800ની ચોરીની ફરિયાદ નોંધાવી હતી.

## વ્યારા ખાતે સ્વતંત્રતા પર્વમાં દેશભક્તિનો ઉન્માદ



વ્યારા: વ્યારા સ્થિત પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ગુજરાત વિધાનસભાનાં ઉપાધ્યક્ષ પૂર્ણેશ મોદીનીનાં હસ્તે જિલ્લા કક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. ગુજરાત વિધાનસભાનાં ઉપાધ્યક્ષ પૂર્ણેશ મોદીએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું અને ત્યારબાદ શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કલા કૃતિઓ રજૂ કરી હતી. જિલ્લામાં શ્રેષ્ઠ કામગીરી બદલ જે તે વિભાગના કર્મચારીઓને પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે પૂર્ણેશ મોદી સહિતના મહાનુભાવોના હસ્તે વૃક્ષોરોપણ કરવામાં આવ્યું હતું.

Milano MULTIPLEX
બારડોલી
Spider-Man: Brand New
Day-2D - 12:00pm
Awarapan 2
11:00am, 01:00pm, 03:00pm, 05:00pm, 07:00pm 09:00pm,10:00pm
Batwara 1947
10:00am, 02:00pm, 04:00pm, 06:00pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333